જન્મદિને વધામણી

જીગર એન પટેલ
(વેસ્ટર્ન એગ્રી સીડ્સ ગ્રૂપ)

ડો. જિગર સુરેશભાઈ રત્નોત્તર
મો. ૯૪૨૮૧ ૧૧૨૯૩

ડો. ધીરુભાઈ જી. ડોડિયા
કોર્પોરેટર વોર્ડ નં.૪
મો. ૯૪૨૭૩૦૬૪૪૮

દિનેશભાઈ સી. પરમાર
મો. ૯૯૧૩૫ ૯૮૭૯૪

પ્રીતિ રીન્કેશ પરમાર
મો. ૯૬૮૭૯ ૫૭૪૫૬

તેજ હાર્દિકકુમાર રાવલ
મો. ૯૯૭૪૯ ૮૮૩૨૯

રીયા ડી ગાંધી
મો. ૯૯૭૯૮ ૬૮૧૩૪

તન્વી ડી ગાંધી
મો. ૯૯૭૯૮ ૬૮૧૩૪

''પાટનગરના પોતાના અખબાર''ના પ્રકાશનના પ્રહરીઓ

''ગાંધીનગર સમાચાર''ના ૩૫માં સ્થાપના દિને સંસ્થાના કાર્યાલયના કસબીઓની આછેરી ઓળખ..!!

ગાંધીનગર, તા. ૧૧

છેલ્લાં ૩૪ વર્ષોથી રાજ્યના પાટનગર ગાંધીનગરમાં હકારાત્મક સમાચારને પ્રાધાન્ય આપી પ્રજાલક્ષી લાગણીને વાચા આપવા સાથે જરૂર પડે તંત્રનો કાન પણ ખેંચતુ દૈનિક અખબાર ''ગાંધીનગર સમાચાર'' તા. ૧૨મી માર્ચના રોજ ૩૫માં વર્ષમાં પ્રવેશી રહ્યું છે. સાપ્તાહિકથી જેની સફરનો પ્રારંભ થયો અને ઝડપથી દૈનિકમાં પરિવર્તિત થયેલ આ અખબારે અનેક તડકી-છાંયડીનો અનુભવ કર્યો છે અને અનેક પડકારો તથા ગળાકાપ સ્પર્ધાત્મક માહોલમાં એક આગવું સ્થાન જમાવી રાખનાર ''ગાંધીનગર સમાચાર'' તેના સ્ટાફ પરિવારની અથાગ પરિશ્રમ અને કુનેહભર્યા વહીવટ સાથે સમાજમાં સમાચાર સાથે ''પોઝીટિવીટી'' પ્રસરાવવાનો પ્રયાસ કરવાની તેમની આંતરિક આગને પ્રજવલ્લિત રાખવાની મથામણ આ અખબારનું પ્રેરકબળ અને ચાલકબળ બની રહી છે. સેક્ટર-૧૬ થી પ્રારંભ કરીને ઘણાં વર્ષોથી સેક્ટર-૮માં સ્થાયી સ્થાન મેળવેલ ''ગાંધીનગર સમાચાર'' કસબીઓ એટલે કે કર્મચારીઓની કાર્યશૈલી એક ઝલક અત્રે પ્રસ્તુત છે.

જો તમે ''ગાંધીનગર સમાચાર'' કાર્યાલયની મુલાકાતે જાવ અથવા ફોન કરો તો સૌ પ્રથમ સ્વાગત કક્ષ ખાતેથી તમને સમગ્ર કાર્યાલયની ફિતરતનો ચહેરો સમજાઈ જાય તેવા સ્નેહસભર અવાજ સાથે હંસાબેન આવકારતા મળે. જેમના અવાજની મિઠાશ અને આગતુંકને નમ્રતાપૂર્વક આવકારવાની આવડત મુલાકાતીને પારિવારિક માહોલનો પરિચય આપી દે છે. જો તમે સાંજના પાંચ વાગ્યા પછીના મુલાકાતી હો તો તમને આ પ્રકારનું સ્વાગત સંસ્થા સાથે પ્રારંભકાળથી જોડાયેલ વડિલ વિનુકાકા દ્વારા પ્રાપ્ત થશે. ત્રણ ત્રણ દાયકાથી કાર્યરત વિનુકાકા જૈફવયે પણ યુવાનો જેવો તરવરાટ અને તિક્ષ્ણ યાદશક્તિ ધરાવે છે. સ્વાગતકક્ષથી આગળ વધતા સામે જ અખબારના આર્થિક

આધારસ્તંભ સમો એડમિનિસ્ટ્રેશન વિભાગ નજરે ચઢશે જેમાં સ્મિતાબેન જહા ત્રણ દાયકાથી વહીવટી વિભાગ સંભાળવાનો અનુભવ ધરાવે છે અને સંસ્થાની આર્થિક ગતિવિધીનું બારિક મૂલ્યાંકન કરતા રહી પાયાના સ્તંભ તરીકે જવાબદારી નિભાવી રહ્યાં છે. તેમની સાથે ત્રણેક દાયકાથી સંસ્થામાં કાર્યરત ભરતભાઈ પટેલ સંસ્થાના હિસાબો જાળવવાથી માંડીને જાહેરખબર વિભાગને ધબકતો રાખી અખબારની આર્થિક વ્યવહારો સંભાળી રહ્યાં છે. આ સાથે એવા જ વર્ષો જુના કર્મચારી નટુભાઈ ઠાકોર જેઓ અખબારને અમદાવાદ ખાતેથી જાહેરાતનો પ્રવાહ મળતો રહે તે માટે કાર્યરત રહે છે.

''ગાંધીનગર સમાચાર''ના પ્રોડક્શન વિભાગમાં જયેશભાઈ પંચોલી અખબારને સુંદર લે-આઉટ સાથે રૂપાળુ બનાવવા નીત નવી ડિઝાઈન સાથે સમાચાર અને જાહેરાતની ગોઠવણી આકર્ષક રીતે કરવાનું કાર્ય આશરે ત્રણેક દાયકાથી સંભાળી રહ્યાં છે. સર્જનાત્મકતા સાથે તેઓ પ્રોડક્શન વિભાગને માર્ગદર્શિત પણ કરે છે જેમાં તેમનો સાથ આપવા સંતોષ રાવની સંનિષ્ઠ કામગીરી સામેલ હોય છે. એક દાયકાથી વધુ સમયથી સંતોષ રાવ અખબારના પ્રોડક્શન વિભાગમાં કાર્યરત છે. આ વિભાગમાં વિપુલ ક્રિશ્ચિયન ખૂબ જુના અનુભવી કર્મચારી છે જેઓ જેટલા શાંત સ્વભાવ ધરાવે છે તેટલી જ આગવી કુશળતા સાથે કાર્ય કરે છે. આ વિભાગમાં સિનિયર મહિલા કર્મચારી તેજલબેન દાણી અખબારના અંદરના પાને સ્થાનિક સમાચારોને એક વ્યવહારિક સમજ સાથે આકર્ષક સ્વરૂપે પ્રસ્તુત કરવામાં માહેર છે તો ઈન્દ્રજિતસિંહ બિહોલા અખબારના ઘરેણાં સમાન કટારલેખકોની કોલમ યોગ્ય રીતે ગોઠવવા સાથે તેમની સાથેના સંવાદને પણ સુપેરે સંભાળી લે છે.

કોઈપણ અખબારનું હાર્દ તેનું પત્રકારત્વ છે અને ''ગાંધીનગર સમાચાર''ને પ્રારંભથી જ પ્રકાશભાઈ જ્હા જેવા સમાચારને ઓળખવાની આગવી કોઠાસુઝ ધરાવતા પીઢ અને અનુભવી સાડા ત્રણ દાયકાથી પત્રકારત્વ પ્રાપ્ત થયું છે, તેઓ રાજકીય સમાચારો સાથે મનપા, જિલ્લા વહીવટીતંત્ર વગેરેને આવરી લેતા અને ગ્રામીણ જીવનને સ્પર્શતા કૃષિ વિષયક સમાચારોમાં અનોખી કુનેહ ધરાવે છે. પત્રકારત્વ વિભાગમાં ધનંજય જોષી પણ પત્રકારત્વ ક્ષેત્રે દોઢ દાયકાથી વધુનો અનુભવ ધરાવે છે. જેઓ પાટનગરના પાયાના પ્રશ્નોથી માંડીને શિક્ષણ, ન્યાય, વાહનવ્યવહાર સહિતના અનેક વિભાગો સંભાળવા ઉપરાંત શહેરના સમાજજીવનને સ્પર્શતી બાબતોને વાચા આપવા સતત કાર્યરત છે. ગાંધીનગર સમાચારથી જેની પત્રકારત્વની કારકિર્દી શરૂ થઈ છે તેવા સમીર રામી ગાંધીનગરમાં જયહિંદનુ કાર્યાલય સંભાળવા સાથે સ્થાનિક સંસ્થાઓ અને શહેરની સેવાકીય પ્રવૃત્તિઓને અખબારના પાને સકારાત્મક અભિગમ સાથે ઉજાગર કરી રહ્યાં છે. ગાંધીનગર સમાચારમાં પોલીસને લગતા સમાચારો, આગ-અકસ્માત કે અન્ય અનિચ્છનીય ઘટનાઓનું અસરકારક રિપોર્ટીંગ એટલે નિકેશ બ્રહ્મભટ્ટ. શહેરની સિવિલ હોસ્પિટલ હોય કે સરકારી કાર્યક્રમોમાં પોલીસનો બંદોબસ્ત હોય, પાટનગરમાં થતા દેખાવો-ધરણાં કે આંદોલન હોય નિકેશ બ્રહ્મભટ્ટ ઝીણામાં ઝીણી વિગત સાથે વાચકોને લેટેસ્ટ સ્થિતિનો ચિતાર આપવા સજ્જ હોય છે. પત્રકારત્વ વિભાગની યુવા અને સતત નવું શિખવા માટે તત્પર એવી મોનિકા ઠક્કર અખબારને મળતી સંસ્થાકીય પ્રેસનોટ્સને સમાચાર સ્વરૂપે રજૂ કરવા સાથે સાંપ્રત મુદ્દાઓને આવરી લેતા અભિપ્રાય મેળવી તેને યોગ્ય સ્વરૂપે રજૂ કરવાની આવડત ધરાવે છે. ગાંધીનગર સમાચારના પત્રકારત્વ વિભાગનું સદ્ભાગ્ય છે કે તેને પૂર્વ કર્મચારીઓ જેવા કે શિરિન સૈયદ, પરિમલ પટેલ અને વિપુલ ચૌહાણ જેવા અનુભવીઓની પ્રસંગોમાં માનદ્ સેવાઓ પણ પ્રાપ્ત થતી રહે છે. આ સાથે અખબારના પાને ચમકતાં વૈવિધ્યસભર ફોટોગ્રાફ કેમેરાની આંખે ક્લિક કરી લાવવાની સમયસરની સચોટ સેવા શૈલેન્દ્રભાઈ સોલંકી સુપેરે નિભાવી રહ્યા છે.

ગાંધીનગર સમાચાર પરિવારમાં ત્રણ દાયકાથી વધુ સમયથી સેવા આપી રહેલા હિતેન્દ્ર જોષી, આશરે ૨૮ વર્ષ સુધી મેનેજીંગતંત્રીના સારથી રહી તાજેતરમાં નિવૃત્ત થયેલા મૃદુભાષી વરિષ્ઠ કર્મચારી અરવિંદસિંહ વાઘેલા ઉપરાંત જીતેન્દ્ર ચુડાસમા, દિલાવરસિંહ ગોહેલ અને અખબારના પ્રારંભ કાળથી જોડાયેલ અરવિંદસિંહ ગોહિલ પણ સંસ્થાને અત્યંત ઉપયોગી અને પ્રસંશનીય સેવાઓ આપી રહ્યાં છે.

વાત અમારી...

પ્રણામ...

આજે ગાંધીનગર સમાચારને પાંત્રીસમું બેઠુ... સાડાત્રણ દાયકાની સમાચાર યાત્રા અનેક મુકામો પરથી પસાર થઈ ગાંધીનગર શહેર અને ઉત્તર ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં લોકભાગ્ય અખબાર બન્યુ છે એમ લખતા ગૌરવ અનુભવુ છું

પાટનગરનું પ્રથમ દૈનિક અખબાર બનવાનુ સદ્ભાગ્ય ગાંધીનગર સમાચરના લલાટે અકબંધ છે. અનેકવિધ અવરોધોની વચ્ચે શાસન અને સમાજ વચ્ચે સેતુ બનવાના સંકલ્પને વધુને વધુ દ્રઢ બનાવવાની તક અમે કયારેય ગુમાવી નથી. સકારાત્મક અને સર્જનાત્મક સમાચારોના હાર્દ અને હેતુ સાથે આરંભાયેલી સમાચાર યાત્રાની સામે દશે દિશાઓમાંથી પડકારોના પડછાયા અનુભવાય છે. પરંતુ પરમતત્વની કૃપા અને આપ સૌના આર્શીવાદથી લક્ષ હજુ ચૂકાયુ નથી. સ્પર્ધાત્મક માહોલમાં કયારેક મોળા પડીયે છીએ, કયારેક અળખામણા પડીએ છીએ અને કયારેક નબળા પણ લાગીએ છીએ, એ વાત પ્રત્યક્ષ નહિ પણ પરોક્ષ રીતે અમે સમજી શકીએ છીએ.

ઘણુંબધું ગુમાવવું પડે છે, ઘણુંબધું ભોગવવું પડે છે. માત્ર અને માત્ર સકારાત્મકતાના સંકલ્પ માટે. બદલાતી તાસીર અને તસ્વીરમાં સમાજમાં આજે પણ વિચિત્ર પરિણામો આકાર લઈ રહ્યા છે. ત્યારે સમાચાર પસંદગીનો વિવેક અઘરો બનતો જાય છે. આમ છતાં અમારો પોઝીટિવ ન્યૂઝ માટેનો આત્મવિશ્વાસ અડગ અને અકબંધ છે.

સમાચાર વિશ્વમાં માધ્યમોની ભૂમિકા બદલાતી રહી છે. એટલું જ નહી પરંતુ સ્વરૂપો અને સ્રોત્ર પણ બદલાતા જાય છે. સોશિયલ મિડીયાની હરણફાળ દોડ અને ઈલેક્ટ્રોનિક મિડીયામાં ચાલતો સ્પર્ધાત્મક ભાવ પ્રિન્ટ મિડીયાને હંફાવે એ સ્વાભાવિક છે. પરંતુ સંતોષ અને વિશ્વાસ પ્રિન્ટ મિડીયાને ટકાવે છે એ એટલી જ સાચી વાત છે. ગાંધીનગર સમાચાર તો એક નાનકડું અખબાર છે એટલે વિશ્વની વાત મોટી પડે એ એટલી જ સાચી વાત છે. પરંતુ અદ્યતન વીજળી ઉપકરણોના ઝળહળાટની વચ્ચે પણ ટમટમતા કોડિયાનુ અસ્તિત્વ હજુ પણ જળવાયું છે અને જળવાશે જ... અને એટલે જ આદરપૂર્વક કવિવર રવિન્દ્રનાથ ઠાકુરની કવિતાનો ઉલ્લેખ રજુ કરવાની ઈચ્છા થાય છે. કોડિયુ કહે છે અમને જ્યાં લઈ જશો ત્યાં અમે પ્રકાશ પાથરશું બસ આ જ વિચાર સાથે ગાંધીનગર સમાચાર આપની નજરોના અજવાળામાં ટમટમે છે. આપ જેટલું પ્રસરાવશો એટલું પ્રસરવા અમે આતુર છીએ.

ગાંધીનગર સમાચારની ૩૪ વર્ષની સમાચાર યાત્રામાં પ્રોત્સાહક ભાવ સાથે હૂંફ અને પ્રેમની લાગણી આપનાર સૌ વાચકો, વિજ્ઞાપન દાતાઓ, સરકારી તંત્રના અધિકારીઓ તથા સમાચારના સ્ટાફ પરિવારનો હું અંતરના ઉમળકાથી આભાર માનું છું.

કૃષ્ણકાન્ત જહા
તંત્રી, ગાંધીનગર સમાચાર

ધો-૧૦માં ગણિતનુ પેપર અઘરુ, વિદ્યાર્થીઓ મૂંઝવણમાં મુકાયા

અટપટા રકમ બદલાયેલા દાખલા અને વર્તુળનો પ્રમેય ન પુછાતા વિદ્યાર્થીઓ હતાશ થયા : નબળા વિદ્યાર્થીઓ માટે ધારણા બહારનુ પેપર : કિશોરસિંહ રાજપુત

ધો -૧૦ માં આજે ત્રણ દિવસની રજા બાદ આજે વિદ્યાર્થીઓએ ગણિત વિષયની મહત્વની પરીક્ષા આપી હતી. ગણિતનુ પેપર વિદ્યાર્થીઓ માટે અત્યંત અઘરુ પુરવાર થયુ હતુ. અટપટા દાખલા અને પ્રમેયની સાથે એન સી ઇ આર ટી ના અભ્યાસક્રમ અમલની સાથે પેપર સ્ટાઇલ ચેન્જ થવાની સાથે આજની ગણિતની કસોટીએ વિદ્યાર્થીઓને રડાવી દીધા હતા. વાલીઓમાં પણ ગણિતની આકરી કસોટીના લીધે આક્રોશ પ્રવર્તયો હતો. જિલ્લામાંથી ૨૮૮૯૦ વિદ્યાર્થીઓએ ગણિતની પરીક્ષા આપી હતી. જયારે ૬૩૪ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી.

ધો -૧૦ માં આજે ગણિતની કસોટીએ વિદ્યાર્થીઓને રડાવ્યા હતા. એન સી ઇ આર ટી અભ્યાસક્રમ અમલમાં આવ્યા બાદ પેપર સ્ટાઇલ ચેન્જ થયા બાદ આજનુ પેપર વિદ્યાર્થીઓ માટે અઘરુ પુરવાર થયુ હતુ. આ અંગે કીશોર ઇન્સ્ટીટ્યુટના વિષય નિષ્ણાંત કીશોરસિંહ રાજપુતના જણાંવ્યા મુજબ પેપરમાં મોટાભાગના દાખલા વિદ્યાર્થીઓની ગણિત વિષયની ઉંડી સમજણ માંગી લે તેવા હતા. મોટાભાગના દાખલાઓ પાઠયપુસ્તકની રીત આધારીત પરંતુ રકમ બદલીને પુછાયા હોવાથી વિદ્યાર્થી મુંઝાયા હતા. જયારે આ પેપરમાં પાઠયપુસ્તકના ઉદાહરણનો એકપણ દાખલો પુછાયો નથી. વિભાગ ડી માં પણ પાયથાગોરસનો પ્રમેય નામ બદલીને પુછાયો હતો. જયારે વર્તુળનો પ્રમેય ન પુછાતા વિદ્યાર્થીઓ હતાશ થયા હતા. જો કે વર્તુળની રાઇડર પુછાઇ હતી. એકંદરે ગણિતનુ પેપર નબળા વિદ્યાર્થીઓ માટે ધારણા બહારનુ તેમજ તેજસ્વી વિદ્યાર્થીઓની પણ કસોટી કરે તેવુ હતુ. નવા કોર્ષના પેપર સ્ટાઇલના પ્રથમ વર્ષે જ ગણિતનુ પેપર ખુબ જ અઘરુ નિકળતા વિદ્યાર્થીઓમાં ભારોભાર હતાશા છવાઇ હતી. ગણિત વિષયના પેપર અંગે વિષય નિષ્ણાંત ભરત ચૌધરીના જણાંવ્યા મુજબ પ્રશ્નપત્રમાં ૧૩ દાખલાઓની રકમમાં ફેરફાર કરીને પુછાયા છે. ગણિતમાં વિદ્યાર્થીઓ ધાર્યા ગુણ મેળવી શકશે નહીં. વાલીઓએ પણ આક્રોશ વ્યકત કર્યો હતો. જયારે ગણિતની અઘરી કસોટીના લીધે વિદ્યાર્થીઓના પરિણામ પર માંઠી અસર પડશે તેવો પણ સુર ઉઠવા પામ્યો છે. હોળી ધુળેટીની રજા બાદ ગણિત વિષયની કસોટીએ વિદ્યાર્થીઓને રડાવ્યા હતા. જયારે અઘરા પેપરના લીધે ઘણાં વિદ્યાર્થીઓ મુંઝવણમાં મુકાવાની સાથે વાલીઓમાં પણ રોષ પ્રવર્તયો હતો.

જીંડવામાં ધો-૧૦નો એક વિદ્યાર્થી કાપલી સાથે ઝડપાયો

ધો -૧૦ માં બોર્ડની પરીક્ષા દરમિયાન અત્યાર સુધી એક પણ કોપી કેસ નોંધાયો ન હતો. જયારે ગુજરાતી અને વિજ્ઞાન વિષયની કસોટી બાદ આજે ગણિતના પેપરમાં એક કોપી કેસ નોંધાયો હતો. જિલ્લામાંથી ૨૮૮૯૦ વિદ્યાર્થીઓએ ગણિતની પરીક્ષામાં હાજરી આપી હતી. જયારે જિલ્લામાં પરીક્ષા દરમિયાન કોઇપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે શિક્ષણ તંત્ર દ્વારા પુરતી તકેદારી રાખવામાં આવી રહી છે. જયારે આજે ધો -૧૦ માં ગણિતના પેપરમાં જિલ્લાના ઝીંડવા ગામની સર્વોદય વિદ્યામંદિર સ્કુલમાં સ્થિત બ્લોક નં -૧૬ માં એક વિદ્યાર્થી પરીક્ષા આપી રહ્યો હતો. આ દરમિયાન તેની વર્તુણુંક શંકાસ્પદ માલુમ પડતા વર્ગમાં ખંડ નિરિક્ષકે તેને તપાસ્યો હતો. આ દરમિયાન આ વિદ્યાર્થી પાસેથી કાપલી મળી આવી હતી. જયારે વિદ્યાર્થી ચોરી કરતો હોવાનુ સ્પષ્ટ થયા બાદ કાપલી જપ્ત કરીને ખંડ નિરિક્ષકે તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

બે વાયબ્રન્ટ સમીટ દરમિયાન જિલ્લામાં ૮૮૭૪ કરોડનું જંગી રોકાણ થયુ છે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાંછેલ્લા બે વાયબ્રન્ટ થકી ૮૮૭૪.૭૪ કરોડ રૂ.નું મૂડીરોકાણ ઉદ્યોગગૃહો દ્વારા કરવામાં આવ્યુ છે તેમ રાજ્યના ઉદ્યોગ વિભાગનો હવાલો ધરાવતાં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કોંગીના સુરેશભાઈ પટેલના એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે.

તેમણે જણાવ્યુ છે કે ૩૧-૧૨-૧૯ની વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ-૨૦૧૭માં મંજૂર થયેલ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન પૈકી ગાંધીનગર જિલ્લામાં ૭૮૬ પ્રોજેક્ટ્સ દ્વારા રૂ. ૭૦૫૨.૦૩ કરોડનું મૂડીરોકાણ કરવામાં આવ્યુ છે.

વાયબ્રન્ટ સેમિટ-૨૦૧૯માં મંજૂર થયેલ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન પૈકી ગાંધીનગર જિલ્લામાં ૧૮૨૨.૭૧ કરોડનું મૂડીરોકાણ ૬૯૫ પ્રોજેક્ટ્સમાં થયુ છે. મૂડીરોકાણ એ સતત ચાલતી પ્રક્રિયા હોવાનું પણ મુખ્યમંત્રીએ જણાવ્યુ છે. તેમણે જણાવ્યુ હતુ કે ઉક્ત મૂડીરોકાણ પૈકી ઈન્વેસ્ટમેન્ટ સમિટ-૨૦૧૭માં ૭૨૭ પ્રોજેક્ટ કમિશન્ડ થયેલ છે અને ૫૯ પ્રોજેક્ટ્સ અમલીકરણ હેઠળ છે.

મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે ઈન્ડસ્ટ્રીયલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ-૨૦૧૯માં ગાંધીનગર જિલ્લામાં ૬૧૯ પ્રોજેક્ટસ કમિશન્ડ થયેલ છે અને ૭૯ પ્રોજેક્ટ્સ અમલીકરણ હેઠળ છે. આમ જિલ્લામાં હાલ ૧૩૮ પ્રોજેક્ટ્સ અમલીકરણ હેઠળ છે. જયારે ૧૩૪૩ પ્રોજેક્ટ અમલમાં આવી ચુક્યા છે.

ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં બાયોલોજીનુ પેપર સરળ, વિદ્યાર્થીઓમાં આનંદ

જિલ્લામાંથી ૩૮ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા : સરળ એમ સી ક્યુ ઓછી આકૃતિ અને પાઠયપુસ્તક આધારિત સીધા પ્રશ્નો પુછાતા વિદ્યાર્થીઓએ રાહત અનુભવી

ગાંધીનગર તા ૧૧

ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં આજે વિદ્યાર્થીઓએ બાયોલોજી વિષયની કસોટી આપી હતી. જિલ્લામાંથી ૩૫૬૨ વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજર રહ્યા હતા. જયારે ૩૮ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી. જીવવિજ્ઞાનમાં પાઠયપુસ્તક આધારિત પ્રશ્નો પુછાયા હતા. જયારે ઓછી આકૃતિવાળા પ્રશ્નો અને સહેલા એમ સી ક્યુના લીધે વિદ્યાર્થીઓ માટે પેપર સરળ પુરવાર થયુ હતુ. વિદ્યાર્થીઓ અને વાલીઓએ હાંશકારો અનુભવ્યો હતો.

ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં આજે બાયોલોજી વિષયનુ પેપર વિદ્યાર્થીઓ માટે એકંદરે સરળ પુરવાર થુય હતુ. કીશોર ઈન્સ્ટીટયુટના વિષય નિષ્ણાંત ડો અજયસિંહ રાજપુતના જણાંવ્યા મુજબ બાયોલોજીના પેપરમાં બધા જ એમ સી ક્યુ પાઠયપુસ્તક આધારિત હોવાથી વિદ્યાર્થીઆ સારો સ્કોર કરી શકશે. પાર્ટ બી ના વિભાગ એ માં પુછાતા બે ગુણના એક અઘરા પ્રશ્નના અથવામાં સરળ પ્રશ્ન પુછાતા વિદ્યાર્થીઓને મુશ્કેલી પડી ન હતી. તેના વિભાગ બી અને સી માં કોઇપણ પ્રકારના ટ્વિસ્ટ વગર સીધા જ પ્રશ્ન પુછાતા પેપરલેખનમાં સરળતા રહી હતી. વિભાગ સી માં એક જ આકૃતિ વાળો પ્રશ્ન પુછાયો હતો તેથી નિટની તૈયારી કરતા વિદ્યાર્થીઓ પ્રશ્નપત્ર સરળતાથી લખી શક્યા હતા. પેપર સમયમર્યાદામાં પુર્ણ કરી શક્યા હતા. એકંદરે સહેલા એમ સી ક્યુ ,ઓછી આકૃતિ અને પાઠયપુસ્તક આધારિત સીધા પ્રશ્નો પુછાતા વિદ્યાર્થીઓ અને વાલીઓએ રાહત અનુભવી હતી. હવે ગૌણ વિષયના જ પેપરો બાકી હોવાથી બી ગ્રૂપના વિદ્યાર્થીઓ આજથી નીટની પરીક્ષાની તૈયારીમાં લાગી જશે જેથી એમ બી બી એસમાં સરળતાથી પ્રવેશ મેળવી શકાય

શહેરના વાતાવરણમાં ફરી પલ્ટો : ઠંડા પવનો શરૂ થયા

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી આકાશામાં વાદળો છવાયા : ઠંડા પવનોના કારણે મહત્તમ તાપમાન વધ્યુ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરમાં ફરી વાતાવરણમાં પલ્ટો આવ્યો છે. ઠંડા પવનો શરૂ થતાં વાતાવરણમાં ઠંડક છવાઈ ગઈ હતી. લઘુત્તમ અને મહત્તમ તાપમાન સહેજ ઘટ્યુ છે.

ગયા અઠવાડિયે થયેલા કમોસમી વરસાદ બાદ પુનઃ વાતાવરણમાં પલ્ટો આવ્યો છે. ગરમી ધીમે ધીમે વધવાની જગ્યાએ ઘટી રહી છે. વાતાવરણમાં ઠંડક છવાઈ ગઈ છે. પવનની ગતિ ખૂબ જ તેજ બની છે. તેજ ગતિથી ફૂંકાતા ઠંડા પવનોએ વાતાવરણને એકદમ ઠંડુ બનાવી દીધુ છે. હવામાન વિભાગે જણાવ્યુ છે કે વેસ્ટર્ન ડીસ્ટર્બન્સની અસરથી કચ્છ અને ઉત્તર ગુજરાતના ભાગોમાં વાદળો છવાયા છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સિંધ અને રાજસ્થાન સુધી અસરકર્તા રહેશે. ક્યાંક ક્યાંક કમોસમી ઝાંપટા પડી શકે છે ભેજનું પ્રમાણ વધતા તાપમાન સામાન્યથી નીચે રહેશે. પવનની ગતિ પણ ૧૨ થી ૨૫ કી.મી. સુધી રહેશે.

આગાહી પ્રમાણે જ ગાંધીનગરના આકાશમાં છુટાછવાયા વાદળોની અવરજવર જોવા મળી રહી છે. પવનો એટલા ઠંડા છે કે ભર બપોરે પણ ક્યારેક ઠંડકનો અનુભવ થાય છે. ક્યાંક વરસાદ પડ્યો હોય એવુ લાગે છે. રાત્રિના સમયે ઠંડક વધી જાય છે. દ્વિ ચક્રી વાહન પર બહાર નીકળવુ મુશ્કેલ બની જાય છે. ક્યારેક ગરમી તો ક્યારેક ઠંડીનો અનુભવ થતા શરદી-ખાંસીના દર્દીઓ વધી રહ્યા છે. બેવડી ઋતુ વસાહતીઓને પરેશાન કરી રહી છે. જ્યારે વાતાવરણમાં આવતો વારંવારનો પલ્ટો ખેડૂતોને ચિંતામાં મૂકી રહ્યો છે. ખેતરોમાં ઘઉં સહિતના તૈયાર પાકો ઉભા હોઈ ખેડૂતો ચિંતાગ્રસ્ત બન્યા છે.

વિધાનસભામાં ગાંધીનગર

ધનંજય જોષી

શહેર જિલ્લામાંથી ગુમ થયેલા ૩૧ બાળકો અને ૧૧૭ મહિલા હજુ લાપત્તા

ગાંધીનગર તા ૧૧

● શહેર જિલ્લામાંથી ગુમ થયેલા ૩૧ બાળકો અને ૧૧૭ મહીલા હજુ લાપત્તા

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં મહીલાઓ અને બાળકો ગુમ થવાના કેટલા બનાવો બનવા પામ્યા દરિયાપુરના ધારાસભ્યના પ્રશ્ન સંદર્ભે મુખ્યમંત્રીએ આપેલા લેખિત ઉત્તરમાં જણાંવ્યા મુજબ વર્ષ ૨૦૧૮ દરમિયાન શહેર અને જિલ્લામાંથી ૦ થી ૧૦ વર્ષના ૨૫ બાળકો ગુમ થવાની ફરિયાદો મળી છે. જેમાં શહેરમાં ૨ અને જિલ્લામાંથી ૨૩ બાળકો ગુમ થયા હતા. જયારે આ ફરિયાદના અનુસંધાને તપાસના અંતે ૨૦ બાળકોની ભાળ મળી હતી. જયારે ૪ નો હજુ સુધી કોઇ પત્તો નથી. જયારે વર્ષ ૨૦૧૯ માં ૨૪ બાળકો ગુમ થયા હતા જે પૈકી ૧૮ બાળકોની ભાળ મળી હતી જયારે ૬ બાળકોની ભાળ નથી. જયારે જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમિયાન ૧૦ થી ૧૪ વર્ષના ૨૪ બાળકો ગુમ થયા હતા આ પૈકી એકની ભાળ મળી નથી. જયારે ૧૪ થી ૧૮ વર્ષની ઉંમરના ૧૧૨ ગુમ થયા હતા જયારે આ પૈકી ૧૯ ની ભાળ મળી નથી. આ ઉપરાંત બે વર્ષ દરમિયાન શહેર જિલ્લામાંથી ૫૯૫ મહીલાઓ ગુમ થઇ હોવાની ફરિયાદ મળી હતી. જયારે ગુમ થયેલી આ મહીલાઓ પૈકી ૪૭૮ની ભાળ મળી છે. બાળકો પરીક્ષામાં અસફળ , પ્રેમ પ્રકરણ અને વડીલોએ ઠપકો આપ્યો હોવાના કિસ્સામાં નાસી ગયા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

● બે વર્ષમાં લીઝની સ્થળ તપાસમાં બિન અધિકૃત ખનના ૩૭ કીસ્સા ધ્યાને આવ્યા

છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં સાદી રેતીની કુલ ૫૫ લીઝ મંજુર કરવામાં આવી છે. જયારે ૧૫૨ લીઝ કાર્યરત છે. જયારે છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં સ્થળ પર ૭૧ લીઝની તપાસ કરવામાં આવી છે. જેના અંતે ૩૭ કીસ્સામાં બિન અધિકૃત ખનનના કીસ્સા ધ્યાને આવ્યા છે. કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરના પ્રશ્ન સંદર્ભે ખાણ ખનિજ મંત્રીએ આપેલા ઉત્તરમાં જણાંવ્યા મુજબ ગેરરીતી આચનાર ૬૭ લીઝ ધારકો ૭ ને કારણદર્શક નોટીસ, ૬ માં વસુલાતનો હુકમ તેમજ ૫૨ કીસ્સામાં પુરેપુરી વસુલતા કરવામાં આવી છે. એક કીસ્સામાં એફ આર આઇ દાખલ કરવામાં આવી છે.

● આદ્યોગિક હેતુ માટે અપાતા પાણીના દર પેટે ૬૫૭ લાખની વસુલાત બાકી

જિલ્લામાં ઓદ્યોગિક હેતુ માટે અપાતા પાણીના દર પેટે કેટલી વસુલાત બાકી છે તેવા પ્રશ્નના ઉત્તરમાં જળસંપત્તિ વિભાગના મંત્રીએ આપેલા ઉત્તરમાં જણાંવ્યા મુજબ વસુલાત અન્વયે રૂ ૬૫૭ .૭૨ લાખની વસુલાત બાકી છે. જયારે આ મામલે બાકીદાર એકમોને નોટીસ પણ આપવામાં આવી છે.

● ખનિજ પરિવહનથી અસરગ્રસ્ત માર્ગો માટે ૨૪૯ લાખની ગ્રાન્ટની ફાળવણી

ખનિજ પરિવહનથી અસરગ્રસ્ત માર્ગોની જાળવણી માટે ગ્રાન્ટ ફાળવણી સંદર્ભે વિધાનસભા ગૃહમાં પુછાયેલા પ્રશ્નના ઉત્તરમાં ખાણ ખનીજ મંત્રી સૌરભ પટેલે જણાંવ્યુ હતુ કે ખનિજ પરિવહનથી અસરગ્રસ્ત માર્ગોની જાળવણી માટે રાજ્યમાં ફુલપ્રુફ મજબુત વ્યવસ્થા છે. અસરગ્રસ્ત માર્ગોનો સર્વે કરીને જરૂ